ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# રૂપાલ પલ્લી મેળામાં ધક્કામુક્કી

## સે. ૨૪નાં પ્રૌઢાનું મૃત્યુ : શ્રદ્ધાળુઓનાં ટોળાના પગ નીચે ૧૧ ચગદાયા : ૧૦ ઘાયલને હોસ્પિટલ ખસેડાયા ઘી ચઢાવવા જતાં બનેલી ઘટના : જિલ્લા કલેક્ટર, પોલીસ વડા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૫

માતા વરદાયીનીના રૂપાલ ખાતે પરંપરાગત રીતે યોજાયેલા પલ્લી મેળામાં લાખોની સંખ્યામાં ઉમટેલા શ્રદ્ધાળુઓ પલ્લીના દર્શન કરી રહ્યા હતા ત્યારે બીજા ચરણમાં પલ્લી પ્રવેશી ત્યારે એકાએક ધક્કામુક્કી શરૂ થઈ જતાં ૧૧ જેટલા શ્રદ્ધાળુઓ ટોળાની ભીંસમાં આવી ગયા હતા. જે પૈકી એક સે. ૨૪ની પ્રૌઢા શ્રદ્ધાળુનું ટોળાના પગ નીચે ચગદાઈ જવાથી મૃત્યુ નિપજવાની કરૂણ ઘટના બનવા પામી છે. જ્યારે ૧૦ જેટલા શ્રદ્ધાળુઓ ઘાયલ થતાં તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ જિલ્લા કલેક્ટર પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

સુપ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ વરદાયીની માતાના મંદિર ખાતે રૂપાલ ગામે પરંપરાગત રીતે યોજાયેલા પલ્લીમેળામાં દર વર્ષની માફક આ

● અનુસંધાન પાન-૭ પર

## પલ્લી મેળામાં ધક્કામુક્કીથી મૃત્યુની પાંચ હજાર વર્ષમાં પહેલી ઘટના

રૂપાલના વરદાયીની માતામાં પલ્લી મેળાનું આયોજન પાંચ હજાર વર્ષથી પાંડવો વખતથી થતુ આવે છે. આ પાંચ હજાર વર્ષમાં આ વર્ષે પ્રથમ વાર ધક્કામુક્કીની શ્રદ્ધાળુનું મૃત્યુ અને ઈજાઓની ઘટના બનવા પામી છે. આજ દિન સુધી આ વર્ષના પલ્લીમેળા સિવાય એક પણ પલ્લી મેળામાં ધક્કામુક્કીથી ઈજાઓની ઘટના પણ બનવા પામી ન હોવાનું જાણવા મળ્યું છે.







## ચૂંટણી પંચે નાણાંની હેરફેરના નિયમોમાં થોડીક હળવાશ કરી

**બોનસ અને પગારની ચૂકવણી માટે બેંકમાંથી નાણાં ઉપાડતા પુરાવા રજૂ કરવા પડશે : ફ્લાઈંગ સ્કવોડ કે સ્ટેટીક સર્વેલન્સની ટીમ એકઝી. મેજીસ્ટ્રેટ વિના રકમ સીઝ નહિ કરી શકે : ખેડૂત પણ ટ્રેક્ટર ખરીદી કે મશીનરીની ખરીદીના પુરાવા રજૂ કરશે તો તેને જવા દેવાશે**

ગાંધીનગર, તા. ૨૫

વિધાનસભાની ચૂંટણીઓને લઈ પંચે રોકડ રકમની હેરાફેરી પર લાદેલા પ્રતિબંધની શરતોને હળવી બનાવતા આદેશો આજે જારી કર્યા છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ખેડૂત જો ટ્રેક્ટર કે અન્ય મશીનરીની ખરીદી માટે રોકડ રકમ લઈ જતા હોય તો તે અંગેના જરૂરી પુરાવા જમીનના તેમજ ખેડૂત હોવાના રજૂ કરે તો તેને છુટ આપવામાં આવશે.

આ ઉપરાંત એ.પી.એમ.સી. કે મંડીબજારમાં વેચાણની ચિઠ્ઠીઓ તપાસ દરમ્યાન રજુ કરે તો પણ તેને છુટ આપવાનો નિર્ણય પંચે કર્યો છે.

પંચે પણ વેપારી પેઢીના અને ઉદ્યોગગૃહોના કર્મચારીઓને બોનસ અને પગાર ચૂકવણી માટે બેંકમાંથી

● અનુસંધાન પાન-૭ પર

॥ શ્રી ગુરૂદેવ દત્ત ॥

## આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**ગં.સ્વ. કાન્તાબેન રામજીભાઈ વાઘેલા**

સ્વ. તા. ૨૬-૧૦-૨૦૦૪, મેદરા, તા. જી. ગાંધીનગર

આપનો માતૃવાત્સલ્યનો પ્રેમરૂપી
અખંડ ધોધ અમોને હરહંમેશ યાદ રહેશે.
આપની કૃપા અને આશીર્વાદ
સદાયને માટે ચિરસ્મરણીય રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે તેવી હૃદયની અભ્યર્થના.

લિ.

વિનોદભાઈ રામજીભાઈ વાઘેલા
ચંદ્રિકાબેન વિનોદભાઈ વાઘેલા
રમેશ કપૂર (જ્યોતિષાચાર્ય)
(મો. ૯૯૨૫૪ ૮૮૯૯૯, ૯૪૨૭૬ ૬૨૯૯૯)




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com